# જાહેરાત

આદિજાતિ વિકાસ વિભાગ હસ્તક ગુજરાતના અનુ.જનજાતિના વિધાર્થીઓ માટે ધો-૬ થી પ્રવેશ આપવા માટે વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત " ટેલેન્ટપુલ સ્કુલવાઉચર " યોજના કાર્યરત કરવામાં આવેલ છે. અનુ.જનજાતિના વિધાર્થીઓને ઉત્તમ કક્ષાની નામાંકિત શાળાઓમાં પ્રવેશ અપાવી શકાય તે માટે પૂર્ણ સુવિધા ધરાવતી આવાસીય સુવિધા ધરાવતી શાળાઓની દરખાસ્ત "કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, બિરસામુંડા ભવન, સે-૧૦/એ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર ખાતે રૂબરૂ અથવા તો આર.પી.એ.ડીથી મોકલી આપવા જણાવવામાં આવે છે. વધુ માહિતી માટે અને શરતોની જાણકારી અત્રેની કચેરીની વેબસાઇટ https://comm tribal.gujarat.gov.in અને https://tribal.gujarat.gov.in પરથી મેળવી મોડામાં મોડી તા૧૩/૦૯/૨૦૨૧ સુધીમાં દરખાસ્ત અત્રેની કચેરીને મળે તે રીતે મોકલી આપવા વિનંતિ છે. વધુ વિગતો માટે કાર્યાલય સમય દરમ્યાન કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીને ફો.નં. ૦૭૯-૨૩૨-૫૩૬૧૮ પર સંપર્ક કરી શકશો

કમિશ્નર
આદિજાતિ વિકાસ
ગુ.રા, ગાંધીનગર.

# Advertisement

The Tribal Development Department has introduced "Talent Pool School Voucher scheme for enrollment of talented tribal students in 6th Standard in renowned private residential schools. Interested schools having residential facility and other required facilities are hereby requested to submit their proposal for empanelment under Talent Pool Voucher scheme. The proposals may be submitted to Commissionerate, Tribal Development, Birsa Munda Bhavan, Sector-10/A, Gujarat State, Gandhinagar by R.P. Ad. Or personally. For more information and detailed terms and conditions, the school authorities may visit the official website https://comm-tribal.gujarat.gov.in and https://tribal.gujarat.gov.in or contact 079-23253618 during office hours. The proposal may be submitted to this office latest by 13/09/2021.

Commissioner
Tribal Development
Gujarat State, Gandhinagar

# જાહેરાત

આદિજાતિ વિકાસ વિભાગ હસ્તક ગુજરાતના અનુ.જનજાતિના વિધાર્થીઓ માટે ધો-૬ થી પ્રવેશ આપવા માટે વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત " ટેલેન્ટપુલ સ્કુલ વાઉચર " યોજના કાર્યરત કરવામાં આવેલ છે.

ઉકત યોજના અંતર્ગત અનુસુચિત જનજાતિના વિધાર્થીઓ ઉત્તમ કક્ષાની આવાસીય શાળાઓમાં રહી ઉચ્ચ શિક્ષણ મેળવી શકે તે માટે અતિશ્રેષ્ઠ અને શ્રેષ્ઠ શાળા મુજબ અનુક્રમે રૂ! ૮૦,૦૦૦/- અને રૂ! ૬૦,૦૦૦/- ના કેશવાઉચરની રકમ આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા આપવામાં આવે છે. આ યોજના હેઠળ શાળા પસંદગી માટેની કાર્યવાહી હાલમાં ચાલુ છે. આથી, ઉકત યોજનામાં ભાગ લેવા માંગતી આવાસીય સુવિધા ધરાવતી શાળાઓ નીચે મુજબની શરતો ધરાવતી હોય તો મોડામાં મોડી તા.૧૩/૦૯/૨૦૨૧ સુધીમાં દરખાસ્ત કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, બિરસામુંડા ભવન, સે-૧૦/એ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર ખાતે રૂબરૂ અથવા તો આર.પી.એ.ડીથી મોકલી આપવા તથા વધુ વિગતો માટે કાર્યાલય સમય દરમ્યાન કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીને ફો.નં. ૦૭૯-૨૩૨-૫૩૬૧૮ પર સંપર્ક કરી શકશો.

શરતો:-

- ટેલેન્ટપુલ સ્કૂલ વાઉચર યોજના માટે પસંદ કરવામાં આવેલ શાળા આવાસીયની સુવિધાવાળી, ઉત્તમ ગુણવત્તાવાળી, અને શહેરી વિસ્તારમાં આવેલી હોવી જોઇએ.
- શાળામાં ધો-૬ થી ધો-૧૨ સુધીના શિક્ષણની સુવિધા હોવી જોઇએ તથા શાળામાં સામાન્ય પ્રવાહ, વિજ્ઞાન પ્રવાહ અને વાણિજ્ય પ્રવાહની સુવિધાઓ હોવી જોઇએ.
- શાળા કે સંસ્થા રજીસ્ટર્ડ થયેલ તથા પાંચ વર્ષથી શૈક્ષણિક કાર્ય કરતી હોવી જોઇએ સંસ્થાનું નામ કે મેનેજમેન્ટ બદલવાના કે કોર્ટમેટર ચાલુ હોવાના કોઇ પ્રશ્ન ન હોવા જોઇએ.
- શાળા માટે પોતાનું મકાન હોવા ઉપરાંત શાળાની સાથોસાથ છાત્રાલયની સુવિધા હોવી જોઇએ.
- શાળા C.B.S.E કે સ્ટેટ બોર્ડનું છેલ્લા પાંચ વર્ષથી જોડાણ ધરાવતી હોવી જોઇએ.
- શાળાનું છેલ્લા ત્રણ વર્ષનું ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહનું વાર્ષિક પરિક્ષાનું પરિણામ ૯૦ ટકા હોવું જોઇએ.
- શાળા છાત્રાલય (હોસ્ટેલ)ની (મેસ સાથે) સુવિધા ધરાવતી હોવી જોઇએ.
- શાળામાં સરકારશ્રી/આર.ટી.ઇ કાયદા હેઠળ નિયત થયા મુજબનો વિધાર્થી શિક્ષકનો રેશિયો હોવો જોઇએ. તથા ભૌતિક સુવિધાઓ જેમકે વર્ગખંડો, સંડાસાબાથરૂમ, સ્ટાફ રૂમ, રમત-ગમતનું મેદાન, લાયબ્રેરી, લેબોરેટરી, કોમ્પ્યુટર લેબ, તથા ઇત્તર પ્રવૃત્તિ માટેના અન્ય રૂમ વિગેરે રેશિયા મુજબ હોવા જોઇએ તથા તે પ્રમાણેની સુવિધાઓ હોવાની બાબતેનું જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીનું પ્રમાણપત્ર કરવાનું રહેશે.
- શાળા પુરતી સંખ્યામાં તજજ્ઞ શિક્ષકો ધરાવતી હોવી જોઇએ તેમજ પૂર્ણ વિકસિત શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફ ધરાવતી હોવી જોઇએ, શૈક્ષણિક સ્ટાફ ઇત્તર પ્રવૃત્તિમાં ભાગ લઇ શકે તેવો હોવો જોઇએ, (જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તથા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીનું પ્રમાણપત્ર રજૂ કરવું)
- શાળામાં અગ્નિશામકની વ્યવસ્થા હોવી જોઇએ.
- શૈક્ષણિક સુવિધામાં કલાસરૂમ એજ્યુકેશન, આદિજાતિ બાળકોને વિશેષ પ્રાયવેટ ટ્યુરાન બેયની વ્યવસ્થા હોવી જોઇએ.

- વિધાર્થીઓની કુશળતા, સામાન્ય જ્ઞાન, બુદ્ધિ, અને રમતગમત કૌશલ્યના વિકાસની સુવિધાઓ પ્રદાન કરવાની વ્યવસ્થા હોવી જોઇએ.
- આદિજાતિ વિધાર્થીઓને રીડીંગ અને રાઇટીંગ સ્કીલની વિશેષ સુવિધાઓ હોવી જોઇએ.
- શાળાએ પોતાના એક સક્ષમ શિક્ષકને આ વિધાર્થીઓના CARE TAKER સલાહકાર તરીકે મુકવાના રહેશે. જે હંમેશ ટેલેન્ટ પુલના વિધાર્થીઓના સાથી કમ માર્ગદર્શક બની રહેશે. અને અત્રેના સંકલનમાં રહેશે.
- વિધાર્થીઓને પુરી પાડવાની થતી ચીજવસ્તુઓ બજારમાંથી સ્પર્ધાત્મક અને પારદર્શક રીતે ખરીદીને પુરી પાડવાની રહેશે.
- સરકારશ્રીના આદિજાતિ વિકાસ વિભાગના ટેલેન્ટપુલ સ્કૂલ વાઉચર યોજનાના ઠરાવ તેમજ વખતોવખતની સૂચનાઓ અનુસોર અમલીકરણ કરવાનું રહેશે.
- દરેક શૈક્ષણિક વર્ષના અંતે વિધાર્થીને લઘુત્તમ ૬૦% માર્કસ સાથે ઉત્તીર્ણ થવાનું રહેશે. અને શાળાના નિયમ મુજબ હાજરી આપવાની રહેશે. ૬૦% કરતા ઓછા ગુણ મેળવેલ વિધાર્થીઓ પાછળ થયેલ ખર્ચના ૫૦% રકમ સંસ્થા કે શાળાએ ભોગવવાની રહેશે.
- રાજ્ય અને રાષ્ટ્રીય પ્રતિભા શોધ સ્પર્ધાઓમાં બાળકો જોડાવા ઇચ્છે તો એ માટેની માર્ગદર્શક સેવા પુરી પાડવાની રહેશે.
- આદિજાતિ બાળકો પ્રથમ વર્ષે પ્રવેશ મેળવે ત્યારે તેઓને શાળાના વાતાવરણમાં યોગ્ય આયોજન થાય તે માટે શાળા શરૂ થયાના ૧૦ દિવસ પૂર્વે અને શાળા શરૂ થયાના ૧૦ દિવસ પછી એમ કુલ-૨૦ દિવસ વિશેષ પ્રકારનું એડજસ્ટમેન્ટ કમ કાઉન્સલીંગ સેશન પેકેજ પુરૂ પાડવાનું રહેશે.
- સંજોગોવસાત કોઇ વિધાર્થી શૈક્ષણિક વર્ષની અધવચ્ચેથી શાળા છોડી દે તો તેવા કેસમાં સંસ્થાએ ડિપોઝીટની રકમ પરત કરવાની રહેશે અને બાકીની રકમમાંથી ખરેખર ખર્ચની રકમ બાદ કરીને પરત કરવાની રહેશે. તેમજ તે દરમ્યાન વિધાર્થી પાછળ થયેલ ખરેખર ખર્ચ તેમના વાલીએ ભોગવવાનો રહેશે.
- ગંભીર ગેરવર્તણુકના કિસ્સા સિવાય શાળા વિધાર્થીનો પ્રવેશ રદ કરી શકશે નહી અને પ્રવેશ રદ કરવાના કિસ્સામાં તેના વાલીને અન્ય શાળામાં પ્રવેશ અંગેની વ્યવસ્થા માટે પુરતો સમય આપવાનો રહેશે.
- શૈક્ષણિક સત્ર પુરૂ થયેથી ગ્રાંટ વપરાશનું પ્રમાણપત્ર તથા ઓડિટ એકાઉન્ટ રજુ થવાનું રહેશે.

કમિશ્નર
આદિજાતિ વિકાસ
ગુ.રા.,ગાંધીનગર